2 દિવસમાં 501 બાંગ્લાદેશી પકડાયા

ગુજરાત પોલીસનું 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' સતત ચાલુ રહ્યું

782થી વધુ શંકાસ્પદોની પૂછપરછ

ગાંધીનગર : રાજ્યની આંતરિક સુરક્ષા અને રાષ્ટ્રીય હિતોને ધ્યાનમાં રાખીને ગુજરાત પોલીસે શરૂ કરેલા વિશેષ અભિયાન 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' અંતર્ગત રાજ્યભરમાંથી આજે સતત બીજા દિવસે તા.4થી જૂનના રોજ સવારે 10 વાગ્યા સુધીમાં 501 ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. ઉપરાંત 782થી વધુ શંકાસ્પદ વ્યક્તિઓની ઓળખ કરી તેમની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે. રાજ્ય સરકાર અને ગુજરાત પોલીસ દ્વારા આ કાર્યવાહી રાષ્ટ્રીય સુરક્ષા સામે ખતરો ઊભો કરનારા તત્વો સામે અત્યાર સુધીની સૌથી મોટી અને આયોજનબદ્ધ ઝુંબેશ તરીકે જોવામાં આવી રહી છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે રાજ્ય સરકાર 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવી રહી છે. ગુજરાતમાં ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશી ઘૂસણખોરોને શોધી કાઢીને તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે અને તેમને બાંગ્લાદેશ પરત મોકલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

અહીંથી આટલા બાંગ્લાદેશી પકડાયા

વિસ્તાર	બાંગ્લાદેશી
અમદાવાદ	155
સુરત	84
અમદાવાદ ગ્રામ્ય	34
પૂર્વ કચ્છ-ગાંધીધામ	13
ભરૂચ	12

6200થી વધુ શંકાસ્પદ બાંગ્લાદેશીનો ડેટા તૈયાર કરાયો છે

રાજ્યના પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવે જણાવ્યું હતું કે આ ઓપરેશન ટેક્નિકલ ડેટા અને ફિલ્ડ વેરિફિકેશન પર આધારિત છે. 'સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ' દ્વારા કરવામાં આવેલા ટેલિકોમ વિશ્લેષણના આધારે બાંગ્લાદેશના નંબરો સાથે સંપર્કમાં રહેલા ભારતીય મોબાઇલ નંબરોનો ડેટાબેઝ તૈયાર કરવામાં આવ્યો હતો. આ પ્રક્રિયા દ્વારા 6200થી વધુ શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરિકોની માહિતી એકત્રિત કરવામાં આવી છે, જેના આધારે રાજ્યભરમાં કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ગુજરાત પોલીસે સ્પષ્ટ કર્યું છે કે 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે અને રાજ્યમાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા દરેક તત્વ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. એક જ રાતમાં 501 ગેરકાયદેસર બાંગ્લાદેશીઓની ધરપકડને ગુજરાત પોલીસની ઐતિહાસિક સફળતા તરીકે જોવામાં આવી રહી છે.

» ડો. કે. એલ. એન. રાવ - રાજ્ય પોલીસ વડા

નકલી દસ્તાવેજ બનાવતા એજન્ટ અને નોકરી કે મકાન ભાડે આપનાર પણ સપડાશે

હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ટેક્નોલોજી અને હ્યુમન ઇન્ટેલિજન્સના સંયોજનથી માત્ર ગેરકાયદેસર ઘૂસણખોરોની જ નહીં, પરંતુ તેમને નકલી આધાર કાર્ડ, મતદાર ઓળખપત્ર, સિમકાર્ડ, નોકરી કે રહેઠાણની સુવિધા પૂરી પાડતા સ્થાનિક એજન્ટો અને ફેસિલિટેટર્સની પણ ઓળખ કરવામાં આવી રહી છે. આવા લોકોને પણ કાયદાની જાળમાં લાવવામાં આવશે. પોલીસે સમગ્ર ઓપરેશનને અત્યંત ગુપ્ત અને વ્યૂહાત્મક રીતે અમલમાં મૂક્યું હતું. રાજ્યભરમાં દરોડા શરૂ થતાં જ સંભવિત શંકાસ્પદો ભાગી ન જાય તે માટે બસ સ્ટેશન, રેલવે સ્ટેશન, હાઇવે અને એન્ટ્રી-એક્ઝિટ પોઇન્ટ્સ પર કડક નાકાબંધી ગોઠવવામાં આવી હતી. તેના પરિણામે ભાગવાનો પ્રયાસ કરનારા 18 જેટલા શંકાસ્પદોને પણ ઝડપી લેવામાં સફળતા મળી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે કેટલાક પકડાયેલા લોકો વર્ષો પહેલાં પશ્ચિમ બંગાળ મારફતે ભારતમાં ઘૂસ્યા હતા અને સ્થાનિક વચેટિયાઓની મદદથી દસ્તાવેજો મેળવી બાદમાં આધાર કાર્ડ સહિતના સરકારી દસ્તાવેજો બનાવવામાં સફળ થયા હતા. આ સમગ્ર નેટવર્કની પણ પોલીસ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

મોદી આજે 4 ,950 કરોડના 4 પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે

પાવરગ્રીડ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સના પ્રોજક્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે

ગાંધીનગર : વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે 5 જૂનના રોજ ગુજરાતની મુલાકાતે આવનારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજ્યના ઊર્જા ક્ષેત્રને નવી દિશા આપનારા 4,950.39 કરોડના ચાર મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે. આ પ્રોજેક્ટ્સમાં વિશ્વના સૌથી મોટા ડિજિટલ સબસ્ટેશન સહિત ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કને મજબૂત બનાવતા વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. વડાપ્રધાન સુરત ખાતે આયોજિત કાર્યક્રમ દરમિયાન પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ તથા રાજ્યના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા અમલી બનાવાયેલા પ્રોજેક્ટ્સને રાષ્ટ્રને સમર્પિત કરશે.

(1) નવસારીમાં વિશ્વ સૌથી મોટું ડિજિટલ સબસ્ટેશન

સૌથી મહત્વપૂર્ણ પ્રોજેક્ટ તરીકે સુરત અને નવસારી જિલ્લામાં 4,546 કરોડના ખર્ચે નિર્મિત ટ્રાન્સમિશન નેટવર્ક એક્સપાન્શન પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ અંતર્ગત નવસારી ખાતે વિશ્વનું સૌથી મોટું ડિજિટલ સબસ્ટેશન, નવસારીથી મહારાષ્ટ્રના પડઘે સુધી 765 કે.વી. ડબલ સર્કિટ ટ્રાન્સમિશન લાઇન અને નવસારીથી મગરવાડા તથા કાલા સુધી 400 કે.વી. ડબલ સર્કિટ ટ્રાન્સમિશન લાઇનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટના અમલીકરણથી કચ્છના ખાવડા વિસ્તારમાંથી ઉત્પાદિત રિન્યુએબલ એનર્જીને વધુ કાર્યક્ષમ રીતે મહારાષ્ટ્ર સુધી પહોંચાડવી શક્ય બનશે. સાથે જ ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે ઉચ્ચ ક્ષમતાવાળા વીજ પ્રવાહનું વિશ્વસનીય ટ્રાન્સમિશન સુનિશ્ચિત થશે. નવસારીનું ડિજિટલ સબસ્ટેશન દેશના પાવર ટ્રાન્સમિશન ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થશે અને રાષ્ટ્રીય વીજ ટ્રાન્સમિશન નેટવર્કમાં ગુજરાતની ભૂમિકાને વધુ મજબૂત બનાવશે.

(2) વલસાડમાં પાવર ડિસ્ટ્રિબ્યુશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ

વડાપ્રધાન વલસાડ જિલ્લામાં 324.19 કરોડના ખર્ચે અમલમાં મૂકાયેલા પાવર ડિસ્ટ્રિબ્યુશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પ્રોજેક્ટનું પણ લોકાર્પણ કરશે. દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) દ્વારા રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS) હેઠળ અમલમાં મૂકાયેલા આ પ્રોજેક્ટમાં એબી કેબલિંગ, નવા ટ્રાન્સફોર્મરોની સ્થાપના, ટ્રાન્સફોર્મરની ક્ષમતા વધારો, જૂના કંડક્ટરોનું રીકંડક્ટરિંગ અને ફીડર બાઇફર્કેશન જેવા કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટથી વીજ વિક્ષેપો, લો-વોલ્ટેજની સમસ્યાઓ તથા ટ્રાન્સફોર્મર ઓવરલોડિંગમાં નોંધપાત્ર ઘટાડો થશે. સાથે જ વીજખાધ ઘટાડવામાં અને વીજ પુરવઠાની ગુણવત્તા સુધારવામાં મદદ મળશે. આ યોજનાનો લાભ વલસાડ જિલ્લાના અંદાજે 5.98 લાખથી વધુ ગ્રાહકોને મળશે.

(3) સુરતના ચોર્યાસીમાં વણકલા-ઓખા સબસ્ટેશન

આ ઉપરાંત વડાપ્રધાન સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકામાં 48.20 કરોડના ખર્ચે નિર્મિત 66 કે.વી. વણકલા-ઓખા સબસ્ટેશનનું લોકાર્પણ કરશે. આ સબસ્ટેશનથી આસપાસના વિસ્તારોના 23 હજારથી વધુ વીજ ગ્રાહકોને ગુણવત્તાસભર વીજ પુરવઠો મળશે.

(4) ધમરપુરમાં 66 કેવી ધામણી સબસ્ટેશન

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં 32 કરોડના ખર્ચે તૈયાર કરાયેલા 66 કે.વી. ધામણી સબસ્ટેશનનું પણ વડાપ્રધાનના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. આ સબસ્ટેશનથી 13 ગામોના અંદાજે 5 હજારથી વધુ ગ્રાહકોને સીધો લાભ મળશે. જે વીજમાળખાને મજબૂત બનાવશે

પ્રજ્ઞાચક્ષુને મારનાર મહિલા PSI સસ્પેન્ડ કરી દેવાયા

અમદાવાદના સોનલ રાઠોડ સામે ગુનો પણ દાખલ કરાયો

અમદાવાદ : અમદાવાદ શહેરના ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં મહિલા PSI સોનલ રાઠોડ દ્વારા એક પ્રજ્ઞાચક્ષુ આધેડને માર મારવામાં આવ્યો હોવાના મામલે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ કડક કાર્યવાહી હાથ ધરી, અમદાવાદ ગ્રામ્ય એસપીએ મહિલા PSI સોનલ રાઠોડને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા છે, તેમજ તેમની સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે શહેરના પંચવટી વિસ્તારમાં પીસીયુ ચલાવતા પ્રજ્ઞાચક્ષુ ગોપાલભાઈ દરજીને એક બાળકે તેમના ગલ્લા પાસે પેકેટ તોડ્યું હોવાની શંકા જતા ટપલી મારી હતી. આ ઘટનાને લઈને તેમને ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે પ્રજ્ઞાચક્ષુ ગોપાલભાઈને લાવવામાં આવ્યા હતા, જ્યાં તેમને સાત કલાકથી વધુ સમય સુધી બેસાડી રાખવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા બાળકની માતા સમાધાન માટે આવી રહી હોવાનું કહી રાહ જોવડાવવામાં આવી હતી. બાદમાં સાંજના સમયે ચાંગોદરમાં ફરજ બજાવતી મહિલા PSI સોનલ રાઠોડ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન પહોંચી હતી અને "ક્યાં છે મારા છોકરાને મારનાર?" કહી પ્રજ્ઞાચક્ષુ ગોપાલભાઈ પર તૂટી પડી હતી. તેમણે ગોપાલભાઈને લાતો, લાફા અને લાકડીના ફટકા મારી ગંભીર ઈજા પહોંચાડી હોવાનું સામે આવ્યું છે.

મારપીટ બાદ ગોપાલભાઈને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાના બીજા દિવસે હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ મહિલા PSI સોનલ રાઠોડ માફી માંગવા અને સમાધાન કરવા માટે ગોપાલભાઈના ઘરે પહોંચી હોવાનું પણ જાણવા મળ્યું છે. આ દરમિયાન તેમણે પોતે આ પ્રકારનું વર્તન કર્યું હોવાનું સ્વીકાર્યું હોવાના આક્ષેપો પણ સામે આવ્યા છે.

આ સમગ્ર ઘટનાને લઈને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને એક પ્રજ્ઞાચક્ષુ અને લાચાર વ્યક્તિ સાથે પોલીસ અધિકારી દ્વારા કરવામાં આવેલા કથિત અત્યાચારને લઈને અનેક સવાલો ઊભા થયા છે. નોંધનીય છે કે ઘટના બાદ 24 કલાકથી વધુ સમય સુધી પીડિતની ફરિયાદ નોંધવામાં આવી ન હોવાનું પણ સામે આવ્યું છે.

આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી ઉચ્ચ પોલીસ અધિકારીઓએ તાત્કાલિક પગલાં ભરતાં મહિલા PSIને સસ્પેન્ડ કરી દીધા છે. હવે તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અબુ ધાબીના BAPS મંદિરને પ્રતિષ્ઠિત 'ટોલરન્સ એવોર્ડ'

વૈશ્વિક સહિષ્ણુતા, સંવાદ અને સહઅસ્તિત્વને પ્રોત્સાહન બદલ મળ્યું સન્માન

અમદાવાદઃ ત્રીજી ઈન્ટરનેશનલ ડાયલોગ ઓફ સિવિલાઈઝેશન્સ એન્ડ ટોલરન્સ કોન્ફરન્સ (IDCT 2026) દરમિયાન બી.એ.પી.એસ. હિન્દુ મંદિર, અબુ ધાબીને પ્રતિષ્ઠિત 'ટોલરન્સ એવોર્ડ 2026' એનાયત કરવામાં આવ્યો હતો. વૈશ્વિક સ્તરે સહિષ્ણુતા, પારસ્પરિક આદર અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વના મૂલ્યોને પ્રોત્સાહન આપવા બદલ મંદિરને આ સન્માન પ્રાપ્ત થયું છે.

મંદિર દ્વારા આયોજિત ફેસ્ટિવલ ઓફ હાર્મોની, ઓમસીય્યત અને કોવિડ સહિત વિવિધ સંકટકાળ દરમિયાન હાથ ધરાયેલા 'કેર ઇન ક્રાઈસિસ' જેવા સેવાકીય પ્રકલ્પોએ સમાજમાં સૌહાર્દ અને માનવતાના મૂલ્યોને મજબૂત બનાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. એમિરેટ્સ સ્કોલર સેન્ટર ફોર રિસર્ચ એન્ડ સ્ટડીઝ (ESCRS) અને અબ્રાહમિક ફેમિલી હાઉસના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ પરિષદમાં વિશ્વભરના નીતિનિર્માતાઓ, શિક્ષણવિદો, ધાર્મિક આગેવાનો, મીડિયા પ્રતિનિધિઓ અને નિષ્ણાતોએ ભાગ લીધો હતો. 'નવા માધ્યમો અને AI નો કુટુંબ અને સમાજ પર પ્રભાવ' વિષય પર આયોજિત આ પરિષદમાં યુએઈના 'યર ઓફ ધ ફેમિલી 2026' અભિયાનને પણ કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યું હતું.

આ એવોર્ડ સ્વીકારતા બી.એ.પી. એસ. હિન્દુ મંદિર, અબુ ધાબીના વડા બ્રહ્મવિહારી સ્વામીએ જણાવ્યું હતું કે ટેક્નોલોજી માનવજીવનને સરળ બનાવે છે, પરંતુ કુટુંબ અને સમાજના સંબંધોને મજબૂત બનાવવા માટે માનવીય મૂલ્યો અનિવાર્ય છે. પ્રમુખસ્વામી મહારાજના ઘર સભાના સંદેશને યાદ કરતાં જણાવ્યું કે પરિવાર સાથેનો દૈનિક સંવાદ અને પ્રાર્થના સંબંધોને વધુ ગાઢ બનાવે છે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, આપણને માત્ર AI Powered Families નહીં, પરંતુ AI Empowered Families જોઈએ છે.

ભેસ્તાનમાં ચાલતા જતાં વૃદ્ધને બાઈક ચાલકે અડફેટે લેતાં મોત

સુરતઃ ભેસ્તાનમાં ચાલતા જતાં વૃદ્ધને બાઈક ચાલકે અડફેટે લેતાં મોત નીપજ્યું હતું. મૂળ બિહારના વતની મોહમ્મદ સત્તુદિન મોહમ્મદ સદીક અંસારી (ઉં.વ.58) હાલ ઉન પાટિયા ભીંડી બજારમાં પરિવાર સાથે રહેતા હતા અને ડાંઈગ મિલમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ગત 12મીએ મોહમ્મદ સત્તુદિન ઘરનો સામાન લેવા માટે ચાલતા નીકળ્યા હતા. દરમિયાન ઉન દાતાર ત્રણ રસ્તા પાસે અજાણ્યા બાઈકચાલકે તેમને ટક્કર મારી હતી.

રાજ્યના કેટલાક વિસ્તારમાં 43 ડિગ્રી તો અન્ય સ્થળે વરસાદ

સુરેન્દ્રનગરના સાયલામાં 2.32 તો મહિસાગરના કડાણામાં 1 ઈંચ વરસાદ

રાજકોટમાં 43, અમરેલી કંડલામાં 42 અને ડીસામાં 41 ડિગ્રી તાપમાન

અમદાવાદ : ગુજરાતમાં પ્રી-મોન્સૂન ગતિવિધિઓ તેજ બનતા હવામાન વિભાગે 5 અને 6 જૂન માટે રાજ્યના અનેક જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગના અનુમાન મુજબ ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ તથા કેન્દ્રશાસિત પ્રદેશ દમણ-દીવ અને દાદરા નગર હવેલીમાં ગાજવીજ, વીજળીના ચમકારા, 40થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન અને હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

રાજ્યમાં ગુરુવારે વરસાદની માત્રા નહિવત રહી હતી, પરંતુ છેલ્લા 24 કલાક દરમિયાન 22 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. તેમાં સુરેન્દ્રનગર જિલ્લાના સાયલામાં સૌથી વધુ 2.32 ઈંચ અને મહીસાગર જિલ્લાના કડાણામાં 1 ઈંચ વરસાદ નોંધાયો હતો.

રાજ્યમાં ગરમીનો પણ પ્રકોપ યથાવત રહ્યો હતો. રાજકોટમાં રાજ્યનું સૌથી વધુ 43 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે અમરેલીમાં 42 ડિગ્રી, કંડલા એરપોર્ટ અને ડીસામાં 41 ડિગ્રી, અમદાવાદ અને ગાંધીનગરમાં 40 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં 40.5 ડિગ્રી તથા ભાવનગર, વલ્લભ વિદ્યાનગર અને ભૂજમાં 39 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. અમદાવાદમાં સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે ગાજવીજ અને વીજળીના ચમકારા સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. શહેરનું મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે 5 જૂન માટે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ સહિતના જિલ્લાઓ તેમજ દક્ષિણ ગુજરાતના વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લામાં વરસાદની આગાહી કરી છે. સૌરાષ્ટ્રના રાજકોટ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, ગીર સોમનાથ, મોરબી સહિતના જિલ્લાઓમાં પણ હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.

6 જૂને દક્ષિણ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓ ઉપરાંત અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર તેમજ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં વરસાદની સંભાવના છે. 7થી 11 જૂન દરમિયાન પણ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદી માહોલ યથાવત રહેવાની આગાહી કરવામાં આવી છે.

બીજી તરફ દક્ષિણ-પશ્ચિમ ચોમાસું વધુ આગળ વધ્યું છે અને 4 જૂન સુધીમાં કેરળ, લક્ષદ્વીપ, કર્ણાટકના કેટલાક ભાગો, તમિલનાડુ તેમજ અરબી સમુદ્ર અને બંગાળની ખાડીના વધુ વિસ્તારોને આવરી લીધું છે. આગામી બે થી ત્રણ દિવસમાં ચોમાસું ગોવા, મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ અને પૂર્વોત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. હવામાન વિભાગે ગાજવીજ અને તેજ પવનની આગાહીને ધ્યાનમાં રાખીને ખેડૂતો, માછીમારો અને સામાન્ય નાગરિકોને સાવચેત રહેવા તેમજ જરૂરી તકેદારી રાખવા અપીલ કરી છે.

સુડોકુ ૬૫૪૭ - 'શ્રુતિ'

	૪	૬	૯			૮		૩
		૩	૪		૨	૭	૧	૯
	૭			૩	૮	૪	૨	૬
	૮					૨	૯	૧
							૭	
	૨			૮	૯		૪	૫
			૮		૭		૬	૪
	૬		૩	૯		૧	૮	
			૬		૪			૨

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોકસમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

બહેનોને પ્રદર

કપાસના છોડના મૂળ, ચોખાના ધોવરામણ મા ઘસી ચાર ચમચી ઘસારો રોજ સવારે અને સાંજે પીવું. તાજા પાન મળે તો 50g પાનનો રસ પણ પીવા આપી શકાય.

શબ્દગુંફન - ૭૨૩૦

અરવિંદ એસ. મારૂ

આડી ચાવી

૧. મધુર અવાજ (૪)
૪. સઘળું, તમામ (૩)
૬. યોગ્ય સમયે તરત જવાબ આપી શકે તેવું (૬)
૯. સરખી સપાટીવાળું (૪)
૧૧. નાણું (૨)
૧૨. અવાજ (૨)
૧૪. અભિપ્રાય (૨)
૧૬. પર્વત (૨)
૧૮. આદમી (૨)
૧૯. ધૂળનો કણ (૪)
૨૧. ચાલવું, જવું તે (૩)
૨૨. વીતી ચૂકેલું (૨)
૨૩. દિલ (૨)
૨૪. દેવું, ઋણ (૩)
૨૬. સરખું (૩)
૨૮. બટન ઘાલવાનું નાકું (૨)
૨૯. નસ (૨)
૩૦. મામાની પત્ની (૨)
૩૧. હેતુ, આશય (૪)
૩૩. હિંમત (૨)
૩૪. ભૂલ (૨)
૩૫. એક ગ્રહ (૨)

ઊભી ચાવી

૨. જુલમી, નિર્દય (૩)
૩. પ્રીત, હેત (૩)
૪. એક ને પા (૨)
૫. એક સંત (૩)
૭. રૂપાનું (૩)
૮. કસબનું વણતર (૨)
૯. એક સરખું (૩)
૧૦. હોડી, વહાણ (૨)
૧૩. મોટી હોડી (૩)
૧૪. દિલ (૨)
૧૫. પાણીનો કુંડ (૨)
૧૭. આકાશમાં જનારું (૫)
૧૮. જન્મ આપનાર પિતા (૩)
૧૯. લીન (૨)
૨૦. સોગન (૩)
૨૨. હાથી (૨)
૨૫. ખેલ (૩)
૨૬. દીવાની જ્યોત (૨)
૨૭. શિક્ષણ, કેળવણી (૩)
૨૯. પરમેશ્વર (૨)
૩૦. ગૌરવયુક્ત (૨)
૩૧. દોલત (૨)
૩૨. થોડા વાળની સેર (૨)
૩૩. નુકસાન (૨)

આજનું પંચાંગ

તા.05/06/2026, શુક્રવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** અધિક જેઠ
તિથિ: વદ: પાંચમ: 25:21
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : જેઠ: 15
યોગ : બ્રહ્મ **કરણ:** કૌવલ
નક્ષત્ર : શ્રવણ: વૃધ્ધિ નક્ષત્ર છે
રાશિ: મકર (ખ,જ)
દિવસ : શુભ
સુરતમાં સૂર્યોદય : 05:57 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:16
નવકારસી : 06:45
પારસી વર્ષ : 1395 દએ માસનો 25મો રોજ
મુસલમાન વર્ષ : 1447 જિલ્હેજ માસનો 18મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ,
રાત્રિનાં ચોઘડિયાં: રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ
રાહુ કાળ : સવારે : 10:30 થી 12:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): નવી નોકરી માટેના પ્રયત્નો સફળ રહે. માતા-પિતા સાથે ઘર્ષણ થાય. ઉપરી વર્ગનો સાથ મળે.

વૃષભ (બ,વ,ઉ,): તમારી સલાહ ઘરમાં અને અન્ય જગ્યાએ ઉપયોગી રહે. દેવું ઓછુ કરવાની યોજનામાં પ્રગતિ થાય.

મિથુન (ક,છ,ઘ,): કામકાજમાં વિઘ્નો આવે. ખર્ચા વધશે. બીજાના કામમાં દખલ કરવી નહી. પ્રવાસ ટાળવો.

કર્ક (ડ,હ,): અટકેલા કામ પાર પડશે. કોર્ટ-કચેરીમાં મદદ મળે. જીવન સાથી સાથે તાલમેળ વધશે.

સિંહ (મ,ટ,): આંખની કાળજી રાખવી. માથાનો દુખાવો સતાવે. વિજાતિય આવેગ સતાવે. નોકરીમાં અનુકુળતા રહે.

કન્યા (પ,ઠ,ણ,): પ્રવાસમાં મિલન-મુલાકાત થાય. આવક વધે. હરિફાઇમાં ભાગ લેવાનું બને. ઉત્સાહજનક.

તુલા (ર,ત,): તમારા વિચારોથી બીજાને અણગમો પેદા થઇ શકે છે. ઉપરી વર્ગ અને વડીલો સાથે તાલમેળ રાખવો.

વૃશ્ચિક (ન,ય,): આત્મવિશ્વાસ વધશે. સ્વજનો સાથે મનોરંજ પ્રવાસ થાય. વાણી પર કાબૂ રાખવો. મન અશાંત રહે.

ધન (ભ,ધ,ફ,ઢ,): વાણી પર કાબૂ રાખવો. કોઈ પણ નિર્ણય લાગણીમાં લેવો નહી. ઘરમાં તાલમેળ રાખવો.

મકર (ખ,જ,): સતત વ્યસ્ત રહેવાનું બનશે. તમારા કામની કદર થાય. સર્જનાત્મક કામમાં યશ મળે.

કુંભ (ગ,સ,શ,ષ,): આર્થિક બાબતે ભીંસનો અનુભવ થાય. ઘરના ખર્ચા વધશે. સ્વાર્થી લોકોથી સાવધાન રહેવુ.

મીન (દ,ચ,ઝ,થ,): શુભ સમાચાર મળે. પ્રેમમાં સફળતા મળે. સમયનો સાથ મળવો. અનુભવ થાય. આવક વધશે.

કોઈ પણ સાલમાં 05 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધામાં અનુકૂળતા રહે. ટેક્નોલોજીનો લાભ મળે. આવક વધારવાની યોજનામાં અનુકૂળતા રહે. ઉઘરાણી આવી શકે. નવાં રોકાણ થાય. આરોગ્ય સામાન્ય રહે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સમાજમાં યશ મળે. નોકરી-ધંધામાં હરીફો સતાવશે. સંતાનોના કામમાં મિત્રોની મદદ મળે. ઉમરલાયકના વિવાહમાં અનુકૂળતા રહે. સમાજિક સંબંધો મજબૂત થાય. પ્રેમ વિવાહમાં મદદ મળે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. નવી ટેકનોલોજીનું જ્ઞાન મળે. વિદેશમાં અભ્યાસની તક મળે. વિદેશના કામમાં ગતિ આવે. વારસા, જાયદાદ, જમીન બાબતે કાયદાકીય મદદ મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે સફળતા મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. મે-જૂન તથા ઓગસ્ટ-સપ્ટેમ્બર, બુધ-શુક્રવારે નવા કામ કરવાં. 5,14,23 તારીખ અને લીલો રંગ અનુકૂળ છે. જૂન-જુલાઇ શનિવાર 7,16,25 તારીખે નવા કામ ટાળવો. લાલ, કાળો રંગ ઓછો વાપરવો અથવા ટાળવો. બુધવારના ઉપાય કરતા રહેવું.

1 કરોડની લાંચ માંગણી કેસમાં રાજપીપળાના ડે.કલેક્ટરની ધરપકડ

લાંબા સમયથી ફરાર વિજય ચૌહાણ અમદાવાદના આનંદનગરમાંથી ઝડપાયા

ગાંધીનગરઃ ગુજરાત લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો (ACB)એ લાંચની માંગણીના ગંભીર ગુનામાં સંડોવાયેલા અને લાંબા સમયથી નાસતા ફરતા રાજપીપળા કલેક્ટર કચેરીના સસ્પેન્ડેડ ડેપ્યુટી કલેક્ટર વિજય ઝીણાભાઈ ચૌહાણની ધરપકડ કરી છે.

ગાંધીનગર એસીબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના નંબર 10/2024 અંતર્ગત ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની વિવિધ કલમો હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે. એસીબીના જણાવ્યા મુજબ વિજય ચૌહાણ સહિત ચાર આરોપીએ અરજદાર પાસેથી કરોડોની લાંચની માંગણી કરી હોવાનો આરોપ છે.

તપાસ દરમિયાન બહાર આવેલી વિગતો અનુસાર, ભરૂચના રહેવાસી દૈશીક હરીશચંદ્ર પટેલે લવારા મસ્જીદની ખરીદેલી જમીન અંગે ગુજરાત રાજ્ય વકફ બોર્ડ દ્વારા ફરિયાદ દાખલ ન થાય તે માટે આરોપીઓએ શરૂઆતમાં 4 કરોડની લાંચની માંગણી કરી હતી. બાદમાં વાટાઘાટો દરમિયાન લાંચની રકમ ઘટાડીને 1 કરોડ નક્કી કરવામાં આવી હતી. જેમાંથી 11 લાખ તાત્કાલિક ચૂકવવા અને બાકીના 89 લાખ કામ પૂર્ણ થયા બાદ ચૂકવવાના નક્કી કરાયા હોવાનું એસીબીની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ કેસમાં ડેપ્યુટી કલેક્ટર વિજય ચૌહાણ ઉપરાંત ચેલારામ જેઠાલાલ પંચાલ, અર્જુન શિવલાલભાઈ જોશી અને પ્રકાશભાઈ મનસુખભાઈ નાકીયાને પણ આરોપી બનાવવામાં આવ્યા છે. તપાસમાં વધુ એક આરોપી મહંમદ હુસેન ઉર્ફે ચીનાભાઈ ગનીભાઈ ગાયકવાડ દ્વારા પણ અરજદારને વકફ બોર્ડના તત્કાલીન CEO સાથે બેઠક કરાવી આપવા બદલ 1.50 લાખની લાંચ માંગવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

એસીબીના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર તમામ આરોપીઓએ એકબીજાની મદદગારીથી અરજદાર પાસેથી પ્રથમ 4 કરોડ અને ત્યારબાદ 1 કરોડની લાંચ માંગીને ગુનો આચર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું છે. પોતાની ધરપકડ ટાળવા માટે ફરાર રહેલા વિજય ઝીણાભાઈ ચૌહાણને એસીબીની ટીમે ગુરુવારે બપોરે અમદાવાદના આનંદનગર વિસ્તારમાંથી ઝડપી લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

લગ્ન નહીં થતાં લસકાણા મહાદેવ મંદિરના પૂજારીનો આપઘાત

સુરતઃ લસકાણામાં મહાદેવ મંદિરના પૂજારીએ ઝેર પીને આપઘાત કરી લીધો હતો. 41 વર્ષની ઉંમર સુધી પૂજારીના લગ્ન નહીં થતા તેઓ તનાવમાં રહેતા હતા.

મળેલી માહિતી મુજબ, મૂળ ભાવનગરના મહુવા તાલુકાના મોટા ખુરદવા ગામના વતની ઓમકારગીરી પ્રભાતગિરી ગોસ્વામી (ઉં.વ.41) હાલ લસકાણા પ્રાથમિક શાળાની પાછળ આવેલા ભોળાનગર સોસાયટીમાં ભાઈ અને ભાભી સાથે રહેતા હતા અને સોસાયટીના મહાદેવ મંદિરમાં પૂજારી તરીકે સેવા આપતા હતા. મંગળવારે મધરાત્રે ઓમકારગીરીએ ઘરમાં ઝેર પી લીધું હતું. ઝેર પીધા બાદ તેમને ઉલટીઓ થવા લાગી હતી અને ઘરમાં વાસ આવતા પરિવારજનો જાગી ગયા હતા અને તાત્કાલિક ઓમકારગીરીને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન બુધવારે રાત્રે મોત થયું હતું.